# પ્રેસનોટ

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૫.૯.૨૦૧૪ થી તા.૨.૧૦.૨૦૧૪ નવરાત્રી મહોત્સવ દરમ્યાન જાહેર જનતા માટે સરળ ટ્રાફીક નિયમન અને ટ્રાફીક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તેમજ રાત્રીના માર્ગ પરના અકસ્માત નિવારવા માટે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર દ્વારા નીચે મુજબના માર્ગો પર જુદા જુદા પ્રકારના ત્રણ જાહેરનામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(૧) **<u>ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ</u>** :

નવરાત્રી મહોત્સવ અંગે નીચે જણાવ્યા મુજબના માર્ગો ઉપર કલાક ૨૧.૦૦ થી રાત્રી કલાક ૧.૦૦ સુધી તમામ પ્રકારના ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

૧. વૈષ્ણોદેવી સર્કલ થી એસ.જી.હાઇવે થઇ સરખેજ ચોકડી (સાબર હોટલ) સુધીનો માર્ગ
**વૈકલ્પિક માર્ગ: વૈષ્ણોદેવી સર્કલ થી સરદાર પટેલ રીંગ રોડ થઇ સરખેજ ચોકડી તરફ અવર જવર કરી શકશે.**

૨. પ્રબોધ રાવળ સર્કલથી ૧૩૨ ફુટ રીંગ રોડ અખબારનગર સર્કલ,હેલ્મેટ ઓવરબ્રીજ,અંધજન ચાર રસ્તા શિવરંજની બ્રિજ થઇ એ.પી.એમ.સી. માર્કેટ ત્રણ રસ્તા સુધીનો માર્ગ

૩. ઉસ્માનપુરા ચાર રસ્તાથી નવરંગ સર્કલ વિજય ચાર રસ્તા, પાંજરાપોળ ચાર રસ્તા,નહેરુનગર સર્કલ,ધરણીધર થઇ અંજલી સર્કલ સુધીનો માર્ગ

૪. ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી સ્ટેડીયમ પાંચ રસ્તા,ગીરીશ ચાર રસ્તા પંચવટી સર્કલ પરીમલ ક્રોસીંગ સુધીનો માર્ગ
**વૈકલ્પિક માર્ગ: અ.નં. (૨), (૩), (૪) માટે સુભાષબ્રિજ સર્કલ થી શાહીબાગ તરફ તથા સુભાષબ્રિજ સર્કલ થી આશ્રમ રોડ ઉપર જાહેરનામાં ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/૪૧૪/૧૪ તા.૧૯.૬.૨૦૧૪ માં દર્શાવેલ સમય કલાક ૨૨.૦૦ બાદ અવર જવર કરી શકાશે.**

(૨) **<u>નો–પાર્કિંગ ઝોન:</u>**

આગામી તા.૨૫.૯.૨૦૧૪ થી તા.૨.૧૦.૨૦૧૪ સુધી નવરાત્રી મહોત્સવ દરમ્યાન નીચે જણાવ્યા મુજબના માર્ગો ઉપર કલાક ૨૧.૦૦ થી રાત્રી કલાક ૧.૦૦ સુધી **"નો–પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

૧. વૈષ્ણોદેવી સર્કલ થી એસ.જી.હાઇવે થઇ સરખેજ ચોકડી (સાબર હોટલ) સુધીનો માર્ગ

૨. પ્રબોધ રાવળ સર્કલથી ૧૩૨ ફુટ રીંગ રોડ અખબારનગર સર્કલ,હેલ્મેટ ઓવરબ્રીજ,અંધજન ચાર રસ્તા શિવરંજની બ્રિજ થઇ એ.પી.એમ.સી. માર્કેટ ત્રણ રસ્તા સુધીનો માર્ગ

૩. ઉસ્માનપુરા ચાર રસ્તાથી નવરંગ સર્કલ,લોયેલા સ્કુલ રોડ, વિજય ચાર રસ્તા,સેન્ટ ઝેવીયર્સ કોલેજ સામેનો રોડ, પાંજરાપોળ ચાર રસ્તા,નહેરુનગર સર્કલ,ધરણીધર થઇ અંજલી સર્કલ સુધીનો માર્ગ

૪. ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી સ્ટેડીયમ પાંચ રસ્તા,ગીરીશ ચાર રસ્તા પંચવટી સર્કલ પરીમલ ક્રોસીંગ સુધીનો માર્ગ

(૩) **<u>એક માર્ગીય રસ્તો:</u>**

આગામી તા.૨૫.૯.૨૦૧૪ થી તા.૨.૧૦.૨૦૧૪ સુધી કલાક ૨૧.૦૦ થી રાત્રી કલાક ૧.૦૦ સુધી નવરાત્રી મહોત્સવ દરમ્યાન **જજીસ બંગલા ચોકી (ચાર રસ્તા) થી પકવાન ચાર રસ્તા તરફનો રસ્તો "એક માર્ગીય"** જાહેર કરવામાં આવે છે. (જજીસ બંગલા ચોકી-ચાર રસ્તાથી પકવાન ચાર રસ્તા તરફ જઇ શકાશે.)

<u>વૈકલ્પિક માર્ગ</u> : **પકવાન ચાર રસ્તાથી ગુરુદ્વારા ચાર રસ્તા થી એન.એફ.ડી. ચાર થી જજીસ** બંગલા ચાર રસ્તા તરફ જઇ શકાશે.

ઉપરોક્ત ત્રણેય જાહેરનામામાંથી ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને તેઓની કામગીરી દરમ્યાન મુક્તિ આપવામાં આવેલ છે. જાહેર જનતાએ આ જાહેરનામાનો અમલ તા.૨૫.૯.૨૦૧૪ થી તા.૨.૧૦.૨૦૧૪ સુધી સાંજ કલાક ૨૧.૦૦ થી રાત્રી કલાક ૧.૦૦ સુધી કરવાનો રહેશે. આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર દ્વારા પ્રસિદ્ધ થયેલ (૧) **પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:** ગ/ઉપક/ટ્રાફિક/૪૨૦ /૨૦૧૪ તા.૨૪/૯/૨૦૧૪ (૨) **પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:** ગ/ઉપક/ટ્રાફિક/૪૨૧ /૨૦૧૪ તા.૨૪/૯/૨૦૧૪ અને (૩) **પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ** ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૪૨૨ /૨૦૧૪ તા.૨૪/૯/૨૦૧૪ ત્રણેય જાહેરનામાંની નકલ આ સાથે સામેલ છે.

(હરિકૃષ્ણ પટેલ)
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર